ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

તથા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ.

આયોજીત

# રોલ – પ્લે, ફોક ડાન્સ  સ્પર્ધાનો

# અહેવાલ

વર્ષ : ૨૦૨૧ -૨૦૨૨


**માર્ગદર્શક**

ડૉ. પિન્કીબેન આર. રાવલ

પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ.

**કન્વીનર**

ડૉ.ઝંખનાબેન ડી. ભટ્ટી

લે.,ડબલ્યુ.ઈ.શાખા, ડાયટ,પાટણ

# <u>અનુક્રમણિકા</u>


**{1}** પ્રસ્તાવના

**{2}** રોલ-પ્લેના હેતુઓ

**{3}** આયોજન-વ્યુહરચના અને અમલીકરણ

**{4}** રોલ –પ્લેમાં વિજેતા શાળાઓ અને વિદ્યાર્થીઓના નામ

**{5}** ફોક ડાન્સમાં વિજેતા શાળા તથા વિદ્યાર્થીઓના નામ

**{6}** રોલ-પ્લે, ફોક ડાન્સ સ્પર્ધા કાર્યક્રમની વિશિષ્ટતાઓ

**{7}** પ્રતિભાવો

# પ્રસ્તાવના

શાળાકીય શિક્ષણ નો હેતુ વિધાર્થીઓના સર્વાંગી વિકાસનો છે. શિક્ષણ વિદ્યાર્થીને જ્ઞાનપ્રાયી તથા સંકલ્પનાઓનો વિકાસ કરી તેના બૌદ્ધિક વિકાસ ઉપરાંત શારીરિક, માનસિક, અને સામાજિક વિકાસ ના પ્રેરક વલણોનું ઘડતર મૂલ્યસ્થાપન અને કૌશલ્યો આત્માસાત કરવા સક્ષમ બનાવે છે.

શ્રવણ અને માહિતી એકત્રીકરણની પરંપરાગત અધ્યયન પદ્ધતિથી આગળ વધી વિદ્યાર્થીને વિચારશક્તિ, તર્ક શક્તિ પ્રદાન કરતી અને 'ક્રિયા અને શોધ" ની તકો પૂરી પડાતી અધ્યયન પ્રયુક્તિઓ દ્વારા જ્ઞાનાત્મક સિવાયના હેતુઓ વધુ સારી રીતે સિદ્ધ કરી સકાય છે.

હકીકતે "ક્રિયા અને શોધ'' એ એક નૈસર્ગિક અને સામાન્ય પદ્ધતિ છે. જેના દ્વારા માનવજાતી આજદિન સુધી જ્ઞાનનો વિશાળ ભંડાર પ્રાપ્ત કરી વિવિધ હકીકતો અને ઘટનાઓ પર કાબુ મેળવી શકે છે. આજ પદ્ધાતે નો અધ્યન અને અધ્યાપન પ્રક્રિયામાં ઉપયોગ કરી શીખવાની પ્રક્રિયાને વધુ સર્વગ્રાહી અર્થેપૂર્ણ અનુભવજન્ય અને સ્થાયી બનાવી શકાય છે.

આમ, સહભ્યાસિક પ્રવૃત્તિઓ ને અધ્યાપન પ્રયુક્તિઓનો એક એવો ભાગ છે કે જે જ્ઞાનાત્મક સિવાયના અભ્યાસને અસર કરવાની પ્રયુક્તિ ક્ષમતા ધરાવે છે. આ પ્રયુક્તિ એ અભ્યાસિક અભિગમથી શીખવેલ મુદાઓને વધુ સ્પષ્ટ કરી દૃઢ બનાવે છે તથા વિવિધ અધ્યયન અનુભવો પુરા પડે છે. જે એધ્યેતાને કેવળ જ્ઞાનપ્રયુક્તિ થકી નહિ, પરંતુ સારી સમજશક્તિ, હકારાત્મક વલણો, અને જીવન કૌશલ્યોના વિકાસથકી સ્વ શક્તિકરણ કરવામાં મદદરૂપ બને છે.

## ૨. રોલ –પ્લેના હેતુઓ :

- વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી થી તેમના જીવન કૌશલ્યોના વિકાસ માટે વસતિ શિક્ષણ પ્રોજેક્ટ અંર્તગત પ્રયોગાત્મક અધ્યયન અનુભવો માટેની તકો પૂરી પાડવી.
- સમોવડિયા જૂથમાં જીવન કૌશલ્યાઓને આત્મસાત કરવાની ક્ષમતા ના વિકાસ માટે વસતિ શિક્ષણ પ્રોજેક્ટ અંર્તગત રોલ-પ્લે અને લોકનૃત્ય જેવી વ્યૂહરચનાઓ પ્રસ્થાપિત કરવી.
- શાળામાં તારુણ્ય શિક્ષણના અસરકારકતા આદાન-પ્રદાન માટેનું વાતાવરણ નિર્માણ કરવું.

## ૩. આયોજન, વ્યૂહરચના અને અમલીકરણ :

ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ અને જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજીત જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી પાટણના સહયોગથી વસતિ શિક્ષણ પ્રોજેકટ અંર્તગત રોલ-પ્લે અને લોકનૃત્ય સ્પર્ધાનું આયોજન ડાયટના પ્રાચાર્યશ્રી ડૉ.બી.પી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડાયેટની ડી.આર.યુ. શાખા દ્વારા તા. ૨૮-૦૯-૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય રોલ-પ્લે, લોકનૃત્ય અને પોસ્ટર સ્પર્ધાના અનુસંધાને પાટણ જિલ્લાની રોલ-પ્લે, લોકનૃત્ય અને પોસ્ટર સ્પર્ધા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે યોજવામાં આવી હતી. કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ હતી.

### કાર્યક્રમની રૂપરેખા

| | |
|---|---|
| ➢ રજિસ્ટ્રેશન | ૧૦.૩૦ થી ૧૧.૩૦ |
| ➢ પ્રાર્થના | ૧૧.૩૦ થી ૧૧.૪૫ |
| ➢ શાબ્દિક સ્વાગત | ૧૧.૪૫ થી ૧૨.૦૦ |
| ➢ પ્રાસંગિક ઉદ્‍બોધન | ૧૨.૦૦ થી ૧૨.૧૫ |
| ➢ સ્પર્ધા અંગેની સૂચના | ૧૨.૧૫ થી ૧૨.૩૦ |
| ➢ સ્પર્ધાની શરૂઆત | ૧૨.૩૦ થી ૦૨.૩૦ |
| ➢ વિરામ | ૦૨.૩૦ થી ૩.૩૦ |
| ➢ વિદ્યાર્થીઓના પ્રતિભાવો | ૦૩.૩૦ થી ૩.૪૫ |
| ➢ નિર્ણાયકોના પ્રતિભાવો | ૦૩.૪૫ થી ૪.૦૦ |
| ➢ ઈનામ વિતરણ | ૦૪.૦૦ થી ૪.૩૦ |
| ➢ આભાર વિધિ | ૦૪.૩૦ થી ૫.૦૦ |

# રોલ – પ્લે, ફોક ડાન્સ સ્પર્ધાનો અહેવાલ

રૂપરેખામાં દર્શાવ્યા મુજબ તા.૨૮-૦૯-૨૦૨૧ ને મંગળવારના રોજ સવારે ૧૦:30 કલાકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે સરકારી માધ્યમિક વિભાગમાંથી વિવિધ સ્પર્ધાના બે વિભાગના સ્પર્ધકો તથા તેમના માર્ગદર્શક શિક્ષકો પણ આવી પહોંચ્યા હતા. ત્યાર બાદ ૧૦:30 થી ૧૧:30 સુધીમાં તમામ સ્પર્ધકો અને શિક્ષકોનું રજિસ્ટ્રેશન કાર્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ કાર્યક્રમની શરુઆત ડાયટ ભવનની તાલીમાર્થીનીઓ દ્વારા સુંદર અને સુમધૂર પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અહી પધારેલ તમામ સ્પર્ધકો, નિર્ણાયકો અને શિક્ષકોનું શાબ્દિક સ્વાગત ડાયટ પાટણના લેક્ચરરડૉ. ઝંખનાબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પિન્કીબેન રાવલ અને ઓ.સશ્રી ડૉ.સુરેશભાઈ પટેલ દ્વારા સ્પર્ધકોનો ઉત્સાહ વધે એ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ ડાયટ પ્રાચાર્યશ્રી ડૉ.પિન્કીબેન રાવલ અને ઓ.સશ્રી ડૉ.સુરેશભાઈ પટેલ તથા અધ્યાપકો અને નિર્ણાયકો દ્વારા દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મૂક્યો હતો. સમય પ્રમાણે કાર્યક્રમની (સ્પર્ધાની) શરૂઆત કરવામાં આવી હતી.

1. લોકનૃત્ય સ્પર્ધા : લોકનૃત્ય સ્પર્ધામાં ૪ શાળાએ ભાગ લીધો હતો. જેમાં સરકારી માધ્યમિક શાળા, મુડાણા વિજેતા થતા રાજય માટે પસંદ કરવામાં આવી હતી.
2. રોલ-પ્લે સ્પર્ધા : રોલ-પ્લે સ્પર્ધામાં ૪ શાળાએ ભાગ લીધો હતો. જેમાં કે.જી.બી.વી. ,જશવંતપુરા વિજેતા થતા રાજય માટે પસંદ કરવામાં આવી હતી.

બપોરે બંને સ્પર્ધા પૂર્ણ કરી ચા-નાસ્તાના વિરામ બાદ શિક્ષકો તથા નિર્ણાયકોએ તેમના પ્રતિભાવો આપ્યા હતા. ત્યાર બાદ નિર્ણાયકોશ્રી દ્વારા પરિણામની જાહેરાત કરવામાં આવી હતી. અને ત્યાર બાદ ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડાયટના અધ્યાપક મિત્રો અને નિર્ણાયકશ્રી દ્વારા સ્પર્ધકો ઇનામનું વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

- લોકનૃત્ય સ્પર્ધા

| ક્રમ | વિજેતા નંબર | શાળાનું નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | સરકારી માધ્યમિક શાળા , મુડાણા | |
| ૨ | દ્વિતીય | કે.જી.બી.વી.,જસવંતપુરા | |
| ૩ | તૃતીય | કે.કે.ગર્લ્સ હાઈસ્કુલ,પાટણ | |

- રોલ-પ્લે સ્પર્ધા

| ક્રમ | વિજેતા નંબર | શાળાનું નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | કે.જી.બી.વી.,જસવંતપુરા | |
| ૨ | દ્વિતીય | સરકારી માધ્યમિક શાળા , મુડાણા | |
| ૩ | તૃતીય | કે.કે.ગર્લ્સ હાઈસ્કુલ,પાટણ | |

શાળાઓ વિજેતા જાહેર થઇ હતી. જેમાં પ્રથમ વિજેતા ટીમને રૂ. ૩૦૦/- દ્રિતીય વિજેતા ટીમ રૂ. ૨૦૦/- તથા તૃતીય વિજેતાને ટીમને રૂ. ૧૫૦/- નું ઇનામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં  આવ્યા હતા.

ત્યારબાદ કાર્યક્રમના અંતે આભારની લાગણી વ્યક્ત કરવામા આવી હતી અને અંતે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સ્પર્ધાને પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

## ૧૦. રોલ-પ્લે, ફોક ડાન્સ સ્પર્ધા કાર્યક્રમની વિશિષ્ટતાઓ

- રોલ-પ્લે :
  (1) આ વર્ષે રોલ પ્લે સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક શાળાઓએ ભાગ લીધો હતો.
  (2) સ્પર્ધાનું માધ્યમ ગુજરાતી થતાં સ્પર્ધા માટેનો પ્રતિસાદ વધારે સારો જોવા મળ્યો હતો.
  (3) સ્પર્ધકો દ્વારા વિષયને પૂરો ન્યાય આપવામાં આવ્યો હતો.

- લોકનૃત્ય :
  (1) પાટણ જિલ્લામાં ચાર લોકનૃત્યની એન્ટ્રી આવી હતી અને સુંદર રજુઆત કરી હતી.
  (2) સ્પર્ધકો દ્વારા વિષયને પૂરો ન્યાય આપવામાં આવ્યો હતો.

## ૧૧. પ્રતિભાવો

- શિક્ષકોના પ્રતિભાવો
  - સ્પર્ધાનું માધ્યમ ગુજરાતી તથા વિદ્યાર્થીઓ પોતાની કૃતિની સાહજીક રજૂઆત કરી શકયા.
  - સમાજના વર્તમાન પ્રશ્નોને અનુરૂપ વિષયો હતા જેથી વિદ્યાર્થીઓ માહિતગાર થયા.
  - વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ કૃતિ રજૂ કરી.
  - ફોકડાન્સ અને પોસ્ટર સ્પર્ધા માટે વધારે માર્ગદર્શન અને પ્રોત્સાહનની જરૂર છે.
  - રોલ-પ્લે સ્પર્ધા પણ બધા ધોરણ માટે રાખવી જોઈએ.
- વિદ્યાર્થીઓ ના પ્રતિભાવો
  - રોલ પ્લે સ્પર્ધાનાં દરેક વિષયમાંથી સંદેશ મળતો હતો.
  - વાસ્તવિક પરિસ્થિતિમાં પહોચ્યા પહેલા તે પરિસ્થિતિનો અનુભવ મળ્યો .
  - તરુણાવસ્થાની સમસ્યાઓ, પડકારો અને માદક દ્રવ્યોના સેવનથી થતી અસરો, એચ.આઈ.વી. એઇડ્સ વિશે જાગૃતિ આવી.
  - ખુબજ રસ અને ઉસ્તાહપૂર્વક ભાગ લીધો.

| ક્રમ | નિર્ણાયકનું નામ | સંસ્થાનું નામ | વિશિષ્ટ યોગ્યતા |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી હેતલબેન પટેલ | શેઠ V.K.ભુલા હાઇસ્કુલ , પાટણ | સંગીત – ક્લા , Eng. શિક્ષક |
| ૨ | શ્રી સરદારસિંહ વાઘેલા | કુકરાણા હાઇસ્કુલ ,કુકરાણા | સંગીત – ક્લા , સ્પોર્ટ્સ શિક્ષક |
| ૩ | શ્રી મધુસુદનભાઈ ઠક્કર | CRC. કુણઘેર, પાટણ | સંગીત – ક્લા , અને ભાષા  શિક્ષક |


પ્રેરિત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
આયોજિત
જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, પાટણના
સહયોગથી આયોજિત
જિલ્લા કક્ષાની રોલ-પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા
























જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગર
પ્રેરીત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
આયોજિત




જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગર
પ્રેરીત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
આયોજિત


જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગર
પ્રેરીત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
આયોજિત
જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, પાટણના

